# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 12-08-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

## આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

- ✓ અદાણી જૂથ અને સેબીએ હિડનબર્ગના આરોપોને પાયાવિહોણા અને ગેરમાર્ગે દોરનારા ગણાવ્યાં
- ✓ બિહારના જહાનાબાદમાં મંદિરમાં થયેલી નાસભાગમાં સાતના મોત.. રાજ્ય સરકારે મૃતકોના પરિજનોને ચાર-ચાર લાખની સહાયની જાહેરાત કરી
- ✓ આબકારી નીતિમાં કૌભાંડ કેસમાં સીબીઆઇએ કરેલી ધરપકડને યોગ્ય ઠેરવતા દિલ્હી હાઇકોર્ટના ચુકાદાને કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો
- ✓ મહિલા કુસ્તીબાજ વિનશ ફોગાટના ગેર લાયક ઠરવાના મામલે ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશને ચીફ મેડિકલ ઓફિસરનો બચાવ કર્યો
- ✓ પ્રારંભિક તબક્કે ઘટાડા બાદ શેરબજારમાં બસો જેટલા પોઇન્ટનો સુધારો..

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## ADANI

અદાણી ગ્રૂપે હિંડનબર્ગના આરોપોને પાયા વિહોણા અને ગેર માર્ગે દોરવતા ગણાવ્યાં હતાં... સ્ટોક એક્સચેન્જ ફાઇલિંગમાં, અદાણી જૂથે જણાવ્યું હતું કે

તે આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢે છે જૂથે કહ્યું છેકે સુપ્રીમ કોર્ટ દ્વારા પહેલાથી જ ફગાવી દેવામાં આવ્યા છે.

સેબીના ચેરપર્સન માધાબી પુરી બૂચ અને તેમના પતિ ધવલ બુચે હિંડનબર્ગ દ્વારા તેમની સામે લગાવવામાં આવેલા આરોપોને નકારી કાઢ્યા હતા.

એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઇન ઇન્ડિયા (એએમએફઆઇ) એ જણાવ્યું હતું કે હિન્ડેનબર્ગ માર્કેટ ઇકોસિસ્ટમમાં રોકાણકારોમાં અવિશ્વાસ ઉભો કરવાનું પ્રયાસો કરી રહ્યું છે..

વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણી, પૂર્વ કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરે અને ઈન્ફોસિસના ભૂતપૂર્વ સીઈઓ મોહનદાસ પાઈએ તેને ગેરમાર્ગે દોરનારા ગણાવ્યાં હતાં..

# BIHAR STAMPEDE

બિહારના જહાનાબાદ જિલ્લાના બાબા સિદ્ધેશ્વરનાથ મંદિરમાં આજે સવારે થયેલી નાસભાગમાં ઓછામાં ઓછા સાત શ્રદ્ધાળુઓના મોત અને 16 ઇજાગ્રસ્ત થયા છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે લોકોના મોત પર શોક વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારજનોને 4 લાખ રૂપિયા અને ઘાયલોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

જહાનાબાદના પોલીસ અધિક્ષક અરવિંદ પ્રતાપસિંહે જણાવ્યું છે કે સ્થાનિક વિક્રેતાઓ અને શ્રદ્ધાળુઓ વચ્ચે કેટલાક મુદ્દા પર વિવાદને પગલે સવારે નાસભાગ મચી ગઈ હતી. શ્રી સિંહે કહ્યું કે ઘાયલોને જહાનાબાદ સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# KEJRIWAL-SC

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આબકારી નીતિ કૌભાંડમાં CBI દ્વારા તેમની ધરપકડને યોગ્ય ઠેરવવાના દિલ્હી હાઇકોર્ટના આદેશને સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો છે.

વરિષ્ઠ વકીલ અભિષેકમનુ સિંઘવીએ આજે તાકીદની સુનાવણી માટે ભારતના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો. તેના જવાબમાં ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડે કહ્યું કે ઈ-મેલ વિનંતીની તપાસ કર્યા બાદ સુનાવણી માટે તારીખ જાહેર કરવામાં આવશે.

સુપ્રીમકોર્ટે અગાઉ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દાખલ કરવામાં આવેલા એક અલગ કેસમાં કેજરીવાલને જામીન આપ્યા હતા. અગાઉ 5મી ઓગસ્ટે દિલ્હી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલની ધરપકડને કાયદેસર ગણાવી હતી.

# IOA-DEFENDS PARDIWALA

ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ, પીટી ઉષાએ વિનેશ ફોગાટને ગેરલાયક ઠરવા માટે IOA મેડિકલ ટીમનો બચાવ કર્યો. તેમણે કહ્યું કે ભારતીય દળના ચીફમેડિકલ ઓફિસર ડૉ. દિનશા પારડીવાલાને ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટને અયોગ્ય ઠેરવવા માટે જવાબદાર ઠેરવવા જોઈએ નહીં.

IOA એ ગઈકાલે એક નિવેદનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે કુસ્તી, બોક્સિંગ અને જુડો જેવી લડાયક રમતોમાં વજન વ્યવસ્થાપનની જવાબદારી દરેક એથ્લેટ અને તેમની વ્યક્તિગત કોચિંગ ટીમની છે. IOA એ સ્પષ્ટતા કરી હતી કે ડૉ. દિનશા પારડીવાલાની પ્રાથમિક ભૂમિકા એથ્લેટ્સની સ્પર્ધાઓ દરમિયાન અને પછી તેમની પુનઃપ્રાપ્તિ અને ઈજાના સંચાલનમાં મદદ કરવાની હતી.

# STOCK MARKET

ભારતીય શેરબજારમાં આજે પ્રારંભિક તબક્કે ઘટાડાનું વલણ રહ્યુ હતું.. આજે સવારે શેરબજાર ખુલતાની સાથે જ 250 કરતાં વધુ પોઇન્ટ ગગડ્યુ હતું.. જોકે

ત્યારબાદ શેરબજારમાં સુધારો જોવા મળ્યો હતો.. હાલમાં શેરબજાર બસો પોઇન્ટ જેટલા વધારા સાથે કારોબાર કરી રહ્યું છે.. નિફ્ટીમાં પણ શરૂઆતના કડાકા બાદ ફરી સુધારો જોવા મળ્યો હતો.

# PM-FARMERS

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે કેન્દ્ર સરકાર ખેડૂતોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે.**

**એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે ખેડૂતો સાથેની તેમની મુલાકાત એક યાદગાર અનુભવ હતો.**

**ગઈકાલે શ્રી મોદીએ નવી દિલ્હીમાં ભારત કૃષિ સંશોધન સંસ્થા ખાતે 109 ઉચ્ચ ઉપજ આપતી પાકની જાતો બહાર પાડી છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# PM-ELEPHANT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ હાથી દિવસના અવસરે હાથીઓના રક્ષણ માટેના સમુદાયના પ્રયાસોની પ્રશંસા કરી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે હાથીઓ આપણી સંસ્કૃતિ અને ઈતિહાસ સાથે જોડાયેલા છે. તેમણે હાથીઓને અનુકૂળ રહેઠાણ મળે તે સુનિશ્ચિત કરવા માટે શક્ય બધુ પ્રદાન કરવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. શ્રી મોદીએ વર્ષોથી હાથીઓની સંખ્યામાં વધારો કરવા બદલ પ્રશંસા વ્યક્ત કરી છે.

# HANDLOOM-EXPO

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે કહ્યું કે, હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટના ઘરેલુ વેચાણ અને નિકાસ વધારવા માટે વિવિધ પહેલ કરવામાં આવી રહી છે. નવી દિલ્હીમાં હેન્ડલૂમ એક્સ્પોની મુલાકાત લીધા બાદ તેમણે કહ્યું કે, હવે હેન્ડલૂમ કારીગરોને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજી સાથે જોડવામાં આવી રહ્યા છે જેથી તેઓ નવી ડિઝાઇન રજૂ કરી શકે.

હેન્ડલૂમ પ્રત્યે યુવાપેઢીના પ્રતિભાવ વિશે વાત કરતાં તેમણે કહ્યું કે, વિવિધ ડિઝાઇન, ડેનિમ સિલ્ક વગેરે રજૂ કરવામાં આવ્યા છે અને હવે હેન્ડલૂમ યુવા પેઢી માટે એક ફેશન બની ગઈ છે. શ્રી ગિરિરાજ સિંહે જણાવ્યું હતું કે, હેન્ડલૂમ સેક્ટરમાં ભારતનો 90 ટકા હિસ્સો છે અને 35 લાખથી વધુ પરિવારો આ ક્ષેત્રમાં કામ કરે છે. હર ઘર તિરંગા અભિયાનના ભાગ રૂપે, તેમણે કારીગરોને રાષ્ટ્રીય ધ્વજનું વિતરણ કર્યું અને દરેકનેઆ અભિયાનમાં ભાગ લેવાની અપીલ કરી.

## ECI---HARYANA-VISIT.RTF

આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવામાટે ચૂંટણી પંચની ટીમ આજથી હરિયાણાની બે દિવસીય મુલાકાતે જશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર, ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ અને પંચના અધિકારીઓ રાજ્યમાં  વિવિધ બેઠકો કરશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પંકજ અગ્રવાલે જણાવ્યું  કે ચૂંટણી  પંચ આજે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને હરિયાણાના વરિષ્ઠ અધિકારીઓ સાથેની બેઠકમાં ચૂંટણીની તૈયારીઓ અંગે  સમીક્ષા કરશે. આ ઉપરાંત, ચૂંટણી પંચ અન્ય વ્યવસ્થાઓની સમીક્ષા કરવા માટે મુખ્ય સચિવ,પોલીસ મહાનિર્દેશક અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠકો કરશે.

## MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 25મી ઓગસ્ટે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 113મી કડી છે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં મન કી બાત કાર્યક્રમનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં,શ્રી મોદીએ લોકોને વિવિધ વિષયો પર પોતાના વિચારો અથવા સૂચનો MyGov ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એરમોબાઈલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે પૂર્વ રાજસ્થાન, આસામ,મેઘાલય અને બિહારમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન કેરળ, માહે, તમિલનાડુ અને ઉત્તર આંતરિક કર્ણાટકમાં અલગ-અલગ ભારે વરસાદની સંભાવના પણ વ્યક્ત કરી છે.

ઉપરાંત પશ્ચિમ હિમાલય ક્ષેત્ર, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં હળવાથી મધ્યમ વરસાદની અને અઠવાડિયા દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારત અને દક્ષિણ દ્વીપકલ્પના ભારતના મેદાનો પર છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે.

# REV. RAJASTHAN - RAIN

શનિવારથી રાજસ્થાનમાં પડીરહેલા મુશળધાર વરસાદ વચ્ચે રાજસ્થાનના વિવિધ ભાગોમાં 22 લોકોએ જીવ ગુમાવ્યા છે. ગઈકાલે જયપુર, કરૌલી, સવાઈમાધોપુર અને દૌસામાં ભારે વરસાદને કારણે શેરીઓમાં પાણી ભરાઈ ગયા

હતા. આજે જયપુર, જયપુર ગ્રામીણ, દૌસા, કરૌલી, સવાઈમાધોપુર, ગંગાપુરઅને ભરતપુર જિલ્લામાં તમામ સરકારી અને ખાનગી શાળાઓને બંધ રાખવાની જાહેરાત કરાઈ છે.

મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ પરિસ્થિતિનો તાગ મેળવવા જયપુરમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. શ્રીશર્માએ અધિકારીઓને અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કાર્યને ઝડપી બનાવવા અને આગામી દિવસો માટે હવામાન વિભાગની આગાહીના આધારે જરૂરી સાવચેતીનાં પગલાં લેવા જણાવ્યું હતું.